# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 22.04.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

**************************************************

1) પશ્ચિમ બંગાળ અને તમિલનાડુ વિધાનસભાની ચૂંટણી માટે આવતીકાલે યોજનારા મતદાનને લઈને તમામ તૈયારીઓ પૂર્ણ.

2) સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ભારત અને જર્મનીના સંરક્ષણ ઔદ્યોગિક ઇકોસિસ્ટમ વચ્ચે સહયોગ વધારવા પર ભાર મૂક્યો.

3) જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાને આજે એક વર્ષ પૂર્ણ.

4) અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સાથે યુદ્ધવિરામ અનિશ્ચિત સમય માટે લંબાવવાની જાહેરાત કરી.

5) ISSF જુનિયર વિશ્વ કપ 2026ના પ્રથમ દિવસે ભારતે એક સુવર્ણ સહિત ત્રણ ચંદ્રક જીત્યા.

..................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# TN-ASSEMBLY POLL

પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીના પહેલા તબક્કા અને તમિલનાડુ વિધાનસભાની ચૂંટણી માટે આવતીકાલે યોજનારા મતદાન માટે તંત્રએ તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે.

સાંભળીએ અમારા સંવાદદાતાનો અહેવાલ...

(VC: કલ્યાણ લાહા)

બીજી તરફ તમિલનાડુમાં, રાજ્યની તમામ 234 વિધાનસભા બેઠકો માટે આવતીકાલે એક જ તબક્કામાં મતદાન થશે. અમારા સંવાદદાતાના અહેવાલ મુજબ રાજ્યમાં પાંચ કરોડ 73 લાખ 43 હજારથી વધુ મતદારો નોંધાયા છે.

# WB-CAMPAIGN - SECOND PHASE

પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કા માટે વિવિધ રાજકીય પક્ષોએ પ્રચાર શરૂ કરી દીધો છે.

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે પાર્ટી ઉમેદવારોના સમર્થનમાં અનેક પ્રચાર કાર્યક્રમમાં ભાગ લેશે. તેઓ બપોરે દમદમ, ઉત્તર 24 પરગણાના હાબરા અને હુગલીના સપ્તગ્રામમાં જાહેર સભાઓને સંબોધિત કરશે, ત્યારબાદ સાંજે સોનારપુરમાં રોડ શો કરશે.

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ આજે ચૂંટણી પ્રચાર માટે પશ્ચિમ બંગાળ પહોંચશે.

તૃણમૂલ કોંગ્રેસના નેતા મમતા બેનર્જી પણ ચૂંટણી રેલી કરશે.

## MORN.ECI-IEVP

ચૂંટણી પંચે તમિલનાડુ અને પશ્ચિમ બંગાળમાં ચાલી રહેલી વિધાનસભા ચૂંટણીઓ માટે આંતરરાષ્ટ્રીય ચૂંટણી મુલાકાતીઓ માટેના કાર્યક્રમના બીજા તબક્કાની શરૂઆત કરી છે.

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે ગઈકાલે નવી દિલ્હીમાં આ કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યું હતું. 17 દેશોના કુલ 34 પ્રતિનિધિઓ આ કાર્યક્રમમાં ભાગ લેશે. પ્રતિનિધિઓને ગઇકાલે EVMનું નિદર્શન કર્યું હતું. તેઓ આજે પશ્ચિમ બંગાળ અને તમિલનાડુની મુલાકાત લઈને ડિસ્પેચ અને વિતરણ કેન્દ્રો અને જિલ્લા નિયંત્રણ રૂમ અને મીડિયા મોનિટરિંગ સેન્ટરો સહિત અન્ય સુવિધાઓની મુલાકાત લેશે. તેઓ આવતીકાલે મતદાન પ્રક્રિયાને પણ નિહાળશે.

## RAJNATH-GERMANY

જર્મનીના પ્રવાસે ગયેલા સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ભારપૂર્વક જણાવ્યું કે આજે વિશ્વ નવા સુરક્ષા જોખમોનો સામનો કરી રહ્યું છે, અને તકનીકી પરિવર્તને પરિસ્થિતિને ખૂબ જ જટિલ બનાવી છે.

તેમણે ભારત અને જર્મનીના સંરક્ષણ ઔદ્યોગિક ઇકોસિસ્ટમ વચ્ચે સહયોગ વધારવા પર ભાર મૂક્યો. સંરક્ષણ મંત્રીએ પુનરોચ્ચાર કર્યો કે ભારત અને જર્મની માત્ર વ્યૂહાત્મક ભાગીદારો જ નથી, પરંતુ વર્તમાન સમયના વૈશ્વિક ચર્ચાને આકાર આપવામાં પરિણામી અવાજ પણ છે.

મુલાકાત દરમિયાન, તેઓ તેમના જર્મન સમકક્ષ બોરિસ પિસ્ટોરિયસ અને અન્ય વરિષ્ઠ નેતાઓ સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે. બંને સંરક્ષણ મંત્રીઓની હાજરીમાં સંરક્ષણ ઔદ્યોગિક સહકાર રૂપરેખા અને સંયુક્ત રાષ્ટ્ર શાંતિ મિશનની તાલીમમાં સહકાર માટે અમલીકરણ વ્યવસ્થા પર હસ્તાક્ષર થવાની શક્યતા છે.

## CHIEF OF DEFENCE STAFF -UK

ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ, જનરલ અનિલ ચૌહાણે , બ્રિટેનના સંરક્ષણ ઉદ્યોગના પ્રતિનિધિઓ સાથે ચર્ચા  કરી.ચર્ચા દરમિયાન સંરક્ષણ ક્ષેત્રમાં સહયોગ વધારવાના પ્રોત્સાહન પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું. તેમણે ભાર મૂક્યો કે આર્થિક એકીકરણમાં વધારો થવાથી સંરક્ષણ ઉત્પાદન, ટેકનોલોજીનું આદાનપ્રદાન  અને પુરવઠા શૃંખલા સ્થિતિસ્થાપકતામાં સરળ સહયોગ શક્ય બનશે.

જનરલ ચૌહાણે ગઈકાલે કોન્સ્ટિટ્યુશન હિલમાં મેમોરિયલ ગેટ્સ પર શહીદ સૈનિકોને શ્રદ્ધાંજલિ આપી અને તેમના હિંમત અને સર્વોચ્ચ બલિદાનનું સન્માન કર્યું. જનરલ ચૌહાણે બ્રિટેનના હિન્દ-પ્રશાંત બાબતોના રાજ્યમંત્રી સીમા મલ્હોત્રા સાથે મુલાકાત કરી. તેમણે ભારતીય સૈન્યના પડકાર અને તકો પર અગ્રણી અધિકારીઓ, અને બૌદ્ધિકો સાથે ગોળમેજી પરિષદનું પણ નેતૃત્વ કર્યું.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# PAHALGAM, JAMMU AND KASHMIR

**જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાને આજે એક વર્ષ પૂર્ણ થયું. ગયા વર્ષે આજના દિવસે આતંકવાદીઓએ પહેલગામમાં 26 નિર્દોષ લોકોની હત્યા કરી હતી.**

**આ ધૃણાસ્પદ કૃત્યથી સમગ્ર રાષ્ટ્રને આઘાત લાગ્યો હતો અને વિશ્વભરના નેતાઓ દ્વારા તેની સખત નિંદા કરવામાં આવી હતી.**

**પહેલગામ આતંકવાદી હુમલાના જવાબમાં, ભારતીય સશસ્ત્ર દળોએ ગયા વર્ષે 6 અને 7 મેની રાત્રે "ઓપરેશન સિંદૂર" શરૂ કર્યું હતું.**

**અમારા સંવાદદાતાનો અહેવાલ...**

**(VC: SAKLEN--OPERATION-SINDOOR)**

# KERALAM FACTORY INCIDENT

કેરલમના ત્રિશૂર જિલ્લાના મુંડાથીકોડમાં ફટાકડાનિ ફેકટરીમાં થયેલા વિસ્ફોટમાં મૃત્યુયાંક 13 થયો છે. પાંચ એકરના ડાંગરના ખેતરમાં સ્થિત ફટાકડા ઉત્પાદન એકમ ખાતે આ દુર્ઘટના સર્જાઈ હતી. વિસ્ફોટ સમયે લગભગ 40 શ્રમિકો ફેક્ટરીમાં હાજર હતા.

# UTTARAKHAND-KEDARNATHDHAM

ઉત્તરાખંડમાં, કેદારનાથ ધામના કપાટ આજે શ્રદ્ધાળુઓ માટે ખોલવામાં આવશે. જિલ્લા મેજિસ્ટ્રેટ વિશાલ મિશ્રાએ જણાવ્યું કે જિલ્લા વહીવટીતંત્રે યાત્રા માટે તમામ વ્યવસ્થા પૂર્ણ કરી લીધી છે.

બીજી તરફ ચમોલી જિલ્લામાં સ્થિત બદ્રીનાથ ધામના કપાટ આવતીકાલે ખોલવામાં આવશે. જિલ્લા અને પોલીસ વહીવટીતંત્રે યાત્રા સરળ અને સલામત રહે તે માટે વ્યાપક વ્યવસ્થા કરી છે.

# TRUMP-CEASEFIRE EXTENSION

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સાથે યુદ્ધવિરામ અનિશ્ચિત સમય માટે લંબાવવાની જાહેરાત કરી.

સોશિયલ પોસ્ટમાં, શ્રી ટ્રમ્પે કહ્યું, આ પગલું બંને દેશો યુદ્ધનો અંત લાવવા શાંતિ વાટાઘાટો ચાલુ રાખી શકે તે માટે લેવાયું છે. તેમણે કહ્યું તેઓ પાકિસ્તાનની વિનંતી પર આ પગલું લઈ રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે બે અઠવાડિયાનો યુદ્ધવિરામ આજે સવારે સમાપ્ત થવાનો હતો. જોકે અમેરિકા ઈરાનના બંદરો અને દરિયાકાંઠા પર નાકાબંધી ચાલુ રાખશે. તેમણે કહ્યું કે જ્યાં સુધી ઈરાન "એકતાપૂર્ણ પ્રસ્તાવ" રજૂ ન કરે ત્યાં સુધી ઈરાની બંદરોની નાકાબંધી ચાલુ રહેશે.

હજી સ્પષ્ટ થયું નથી કે ઈરાન, કે ઇઝરાયલ, બે અઠવાડિયા પહેલા શરૂ થયેલા યુદ્ધવિરામને લંબાવવા માટે સંમત થશે કે નહીં.

ઈરાનના સૌથી વરિષ્ઠ નેતાઓ તરફથી તાત્કાલિક કોઈ ટિપ્પણી કરવામાં આવી નથી, પરંતુ ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સ સાથે સંકળાયેલી સમાચાર એજન્સીએ જણાવ્યું કે ઈરાને યુદ્ધવિરામ લંબાવવાની માંગણી કરી નથી.

# ISSF JUNIOR WORLD CUP 2026

શૂટિંગમાં, શિવ નરવાલે ગઈકાલે ઇજિપ્તના કૈરોમાં ISSF જુનિયર વિશ્વ કપ 2026ના પ્રથમ  દિવસે પુરુષોની 10 મીટર એર પિસ્તોલ શૂટિંગ સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો. શિવા નરવાલે ક્વોલિફિકેશન રાઉન્ડમાં પણ ટોચનું સ્થાન મેળવ્યું હતું.ભારતના ચિરાગ શર્માએ આ જ ઇવેંટમાં કાંસ્ય ચંદ્રક જીત્યો છે.

બીજી તરફ પનાહ ભૂગરાએ મહિલા 10 મીટર એર રાઇફલ ઇવેન્ટમાં રજત ચંદ્રક જીત્યો હતો.

# IPL-CRICKET

IPL ક્રિકેટમાં, સનરાઇઝર્સ હૈદરાબાદે દિલ્હી કેપિટલ્સને 47 રને હરાવ્યું. ગઈકાલે રાત્રે હૈદરાબાદના રાજીવ ગાંધી ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં પ્રથમ બેટિંગ કરતાં, સનરાઇઝર્સ હૈદરાબાદે નિર્ધારિત 20 ઓવરમાં બે વિકેટ ગુમાવીને 242 રન બનાવ્યા હતા. અભિષેક શર્મા 135 રન બનાવી અણનમ રહ્યો. તેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો.

243 રનના લક્ષ્યાંકનો પીછો કરતા, દિલ્હી કેપિટલ્સ નિર્ધારિત 20 ઓવરમાં નવ વિકેટ ગુમાવીને 195 રન જ બનાવી શક્યું.

આજે, લખનૌ સુપર જાયન્ટ્સ લખનૌના અટલ બિહારી વાજપેયી એકાના ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રાજસ્થાન રોયલ્સ સામે ટકરાશે. મેચ સાંજે 7:30 વાગ્યે શરૂ થશે.

## આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સિમ્પલ ઠક્કર

- ફૂલછાબે ઈરાન અને અમેરિકા વાટાઘાટ અનિશ્ચિત, ખડગે બેલગામ –પી એમ મોદીને આતંકી કહ્યા, મોદી સામે વિશેષાધિકાર ભંગ નોટિસ અને સિદ્ધપુર મુંબઈ માંથી 2 આતંકી ને ઝડપી લેતા ગુજરાત ATS સમાચારને મુખ્ય પાન પર છાપ્યા છે
- સંદેશે ખડગેની જીભ લપસી,મોદીને આતંકવાદી કહ્યા, ભારતને US પાસેથી ટ્રમ્પ ત્રિફના રિફંડ પેટે 1 લાખ કરોડ મેળવવાની સંભાવના ,US ઈમિગ્રેશન

બેકલોગ 1.2 કરોડ ઉપર ડિપોર્ટેશનનું સંકટઅને કેદારનાથમાં હવે રઇલ્સ નહીં બને ને પહેલા પાન પર સ્થાન આપ્યું છે

- ગુજરાત સમાચારે આગ ઓકતું આકાશ માનવજાત માટે મહા સંકટ, બિહારમાં પરીક્ષામાં હાઇ ટેક ચોરી –ચપ્પલમાં ડિવાઇસ ,કાનમાં બ્લ્યૂટૂથ ,ભારતમાં ઘોઘાતના કારણે હાર્ટ એટકથી દર વર્ષે હજારોનાં મોત અને આજે યુદ્ધ વિરામ પૂરો,અમેરિકા અને ઈરાનની એકબીજા પર હુમલાની ધમકી ને મુખ્ય પૃષ્ઠ પર છાપ્યા છે
- સ્થાનિક સમાચારોમાં ઉમેરઠની આવતીકાલે યોજાનારી પેટા ચૂંટણી .સ્થાનિક સ્વરાજની ચુંટણીના પ્રચાર અંગેના સમાચાર જોવા મળ્યા છે તો AI થી રેલવેની નકલી ટિકિટો વેચવાનું કૌભાંડ અને હિટવેવની આગાહી કરી છે તે સમાચાર અખબારોએ છેલ્લા પેજ ઉપર પ્રકાશિત કર્યા છે.

-----------------